# —:: ટાઈટલ રિપોર્ટ ::—

**સણીયા હેમાદ બ્લોક નંબર ૧૮૭.**

**Ashwin J Vaghasia.**
Advocate.
Mo.No.9825416187
1st Floor, B/20,Saifi Society, Nr.Petrol pump, Lambe hanuman Road, Surat.395006.

Scanned by TapScanner

ASHWIN J VAGHASIA
B.COM, LL.B.
ADVOCATE
OFF. : 1st Floor, B/20,Saifi Society, Nr.Petrol pump, Lambe hanuman Road, Surat.395006.
EN. NO : G/1885/2010.

## —:: ટાઈટલ રિપોર્ટ ::—

વિષય :—

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ સુરતસીટી(ચોર્યાસી)ના મોજે ગામ **સણીયા હેમાદના બ્લોક નંબર ૧૮૭,** થી નોંધાયેલ બિનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ **હે.આરે. ૦—૭૬—૮૯ ચો.મી.** વાળી બિનખેતીની જમીનનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ.

**મિલકત ધરાવનારનુ નામ અને સરનામુ**

**શ્રી લાલજીભાઈ કડવાભાઈ સાવલીયા,**
રહે.— ૧૩,હરિશ નગર સોસાયટી,વરાછા રોડ,સુરત.

ASHWIN J. VAGHASIA SURAT ADVOCATE

**—:: મિલકતના ટાઈટલની વિગત ::—**

મજકુર જમીનનાં ટાઈટલની વિગત એવી છે કે...,

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસીનાં મોજે ગામ **સણીયા હેમાદના રે.સ.નં.૧૬૭, બ્લોક નંબર ૧૮૭** જેનો ખાતા નં.૧૪ વાળી જમીનના મુળ માલીક શ્રી નવાબ સાહેબ ચાલી આવેલા.

ત્યારબાદ તેઓના સંરક્ષીત ગણોતીયા તરીકે કાળુસીંહ મેરજી કરીને ચાલી આવેલ. જે અંગેની નોંધ મામલતદારશ્રીનાં હુકમ નં. ટેનન્સી તા.૨૨/૧૧/૧૯૪૭ થી સરકારી રેકર્ડમાં બીજા હકકમાં તેમની નોંધ નં.૬૩ થી કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધીકારીશ્રીએ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મુજકર ગામે ટુકડાધારા અન્વયે સરકારશ્રીનાં ઠરાવ નં.૫૮૬૯/૪૫ તા.૧૭/૦૫/૧૯૫૦ થી ટુકડા તરીકે દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬માં હકક પત્રકના દફતરે નોંધ નં.૯૨ થી તા.૧૭/૦૪/૧૯૫૯ના રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ છે.

Scanned by TapScanner

J. VAGHASIA
URAT
CATE*



ત્યારબાદ ગણોતધારાની કલમ ૩૨(ગ) અન્વયે મુજકર જમીન શ્રી નવાબસાહેબના મુખત્યારશ્રી જયશંકર હરગોવિંદ પંડયાએ મે.ખેતીના ન્યાયધીકરણ ચોર્યાસી, મામાલતદાર સાહેબના હુકમ નં.૫૪૭૯ અ.નં.૧૦૨૬ તા.૨૫/૦૬/૧૯૬૩ થી ટેનન્સી કલમ ૩૨(ગ)પેટા કલમ–૪ ના ઉપબંધો અનુસાર કાળુસીંહ મેરજીને હપ્તેથી વેચાણ આપવમાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬માં હકક પત્રકના દફતરે નોંધ નં.૧૮૪ થી કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મજકુર કાળુસીંહ મેરજીભાઈ મેઘાતનું તા.૦૯/૦૮/૧૯૭૨ નાં રોજ અવસાન થવાથી તેમના સીધીલીટીના વારસદારો તરીકે (૧)ભુપતસીંહ કાળુસીંહ (૨)રામસીંહ કાળુસીંહ(૩)ગોમાનસીંહ કાળુસીંહ(૪)પ્રવીણસીંહ કાળુસીંહ (૫)દોલતસીંહ કાળુસીંહ (૬)લાલુસીંહ કાળુસીંહ (૭)હરીબેન જયસીંહ (૮)ડાહીબેન ઉમેદસીંહ (૯)નિર્મલાબેન રણજીતસીંહ તથા (૧૦)કલાવતીબેન રામસીંહ વિગેરે ચાલી આવેલ. જે પૈકી વારસાઈની વહેંચણીના પક્ષકારોના જવાબો અને સંમતીથી સદર જમીન રામસીંહ કાળુસીંહના ભાગે આવેલ. જે અંગેની જરૂરી ફેરફાર નોંધ ગામ નમુના નં. ૬માં હકક પત્રકના દફતરે એન્ટ્રી નં.૫૦૨ થી તા.૨૪/૦૮/૧૯૭૨ના રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું ગામમાં એકત્રીકરણ યોજના લાગુ પડતા મે. સેટલમેન્ટ કમિશનર સાહેબ અમદાવાદના હુકમ નં. ઉ/મસક/કોન–સુરત ૪૬૪ થી તા. ૧૨/૦૧/૧૯૭૫થી સદરહું રેવન્યુ સર્વે નંબર વાળી મિલકતને બ્લોક નંબર ૧૮૭ આપવામાં આવેલ. જે અંગેની જરૂરી ફેરફાર નોંધ ગામ નમુના નં. ૬માં હકક પત્રકના દફતરે એન્ટ્રી નં.૬૩૧ થી તા.૦૭/૦૧/૧૯૭૬ના રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મુજકર બ્લોક નં.૧૮૭ વાળી જમીનને ટુકડા મુકિત આપવા માટે સરકારશ્રીનાં મહેસુલ વિભાગને અરજી કરતાં સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં પરીપત્રનં.અકત–૧૦૭૮/૧૧૦૩૬૦/જ તા.૨૦/૦૯/૧૯૮૨ થી પંચના

Scanned by TapScanner

જવાબનાં આધારે ટુકડામુક્ત કરવામાં આવેલ. જે અંગેની જરૂરી ફેરફાર નોંધ ગામ નમુના નં. ૬માં હકક પત્રકના દફતરે એન્ટ્રી નં.૧૫૯૯ થી તા.૧૬/૦૩/૧૯૯૯ના રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામા આવેલ.

ત્યારબાદ સદરહું જમીનઅંગે મદદનીશ નગર નિયોજક,સુરત શહેરી વિકાસ સતા મંડળ,સુરતનાએ તેમનાં પત્ર ક્રમાંક નં.સુડા/ટેક/ઝો.સર્ટી/૩૨૨૭૪, તા.૨૮/૧૨/૨૦૧૧ ના પત્રથી મજકુર જમીનને એગ્રીકલચર ઝોનમાં આવેલ છે. તેવું પ્રમાણપત્ર આપવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન નવીશરતની હોય, સદર જમીનને ખેતીના હેતું માટે જુનીશરતમાં હેતુફેર કરવા માટેની કલેકટરશ્રી, સુરતનાને અરજી કરતા તેઓએ તેમના હુકમ ક્રમાંક નં.ગણત / રજી.નં. ૩૩/ ૧૨/ વશી. ૬૮૧૭/૧૨ તા. ૦૯/૦૮/૨૦૧૨ થી સદર જમીનને જુનીશરતમાં હેતુફેર કરવા અંગેની પરવાનગી આપેલ. જે અંગેની જરૂરી ફેરફાર નોંધ ગામ નમુના નં. ૬માં હકક પત્રકના દફતરે એન્ટ્રી નં.૨૭૦૦ થી તા.૨૪/૦૮/૨૦૧૨ના રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામા આવેલ.

ત્યારબાદ સદરહું જમીન જમીન માલીક રામસિંહ કાળુસિંહ પાસેથી એ રજી. વેચાણ દસ્તાવેજથી લાલજીભાઈ કડવાભાઈ સાવલીયાએ વેચાણથી રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. ચોર્યાસીના સબ રજી. સાહેબની કચેરીમા દસ્તાવેજ અનુક્રમ નંબર ૬૪૦ થી તા.૦૧/૦૯/૨૦૧૪ના રોજ એક નંબરની બુકમા નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ માં એન્ટ્રી નં. ૨૯૦૨ થી તા.૦૧/૦૯/૨૦૧૪ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા.૦૩/૧૧/૨૦૧૪ના રોજ પ્રમાણીત કરવામા આવેલ.

ત્યારબાદ સદરહું જમીન માલિકે સદર જમીન મે.કલેકટરશ્રી સુરતના સાહેબને સદરહું જમીનને બહુહેતુક ઉપયોગના હેતુમાટે બિનખેતીની પરવાનગી મેળવવા તા. ૦૪/૦૩/૨૦૨૧ નારોજ ગણોતધારાની કલમ ૪૩ મુજબ અરજી

Scanned by TapScanner

કરતા મે. સુરતના કલેકટર સાહેબશ્રી તેમના હુંકમ ક્રમાંક: ૭૦૫/૨૨/૧૦/૦૨૭/૨૦૨૧ થી તા.૦૩/૦૬/૨૦૨૧ના રોજ સદરહું જમીનને બીનખેતી બહુહેતુક ઉપયોગના હેતુમાટે જુનીશરતમાં ફેરવવા પરવાનગી આપવામાં આવેલ છે. જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં.૩૮૫૮ તા.૦૩/૦૬/૨૦૨૧ના રોજ કરવામા આવેલ છે. જે નોંધ તા.૨૧/૦૭/૨૦૨૧ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીક લાલજીભાઈ કડવાભાઈ સાવલીયાએ બીનખેતીના કૃત્યો કરવા માટે અરજી કરેલ. જે અંગે મે. સુરતના કલેકટરશ્રી ના હુકમ નં.૭૨૪/૨૨/૧૦/૦૨૭/૨૦૨૧ થી તા.૧૦/૦૬/૨૦૨૧ ના રોજ બીનખેતી અંગેનો હુકમ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ માં એન્ટ્રી નં. ૩૮૬૧ થી તા.૦૪/૦૩/૨૦૨૧ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તા.૧૦/૦૬/૨૦૨૧ના રોજ પ્રમાણીત કરવામા આવેલ.

આમ સદરહું બ્લોક નં.૧૮૭, વાળી બીનખેતી જમીનના કુલ સંપુર્ણ અને સ્વતંત્ર માલીક, મુખત્યાર તરીકે લાલજીભાઈ કડવાભાઈ સાવલીયા બનેલ છે. એણી વિગતે, સદરહું જમીન મિલકતના ટાઈટલસ સંપુર્ણ બને છે.

સદરહું મિલકતનો મુળ કબજો, ભોગવટો તથા મુળ માલીક તરીકે વેચનાર તથા ખરીદનાર સંબંધી છેલ્લા ૯ વર્ષની તપાસણી ચકાચણી માટે સબ રજીસ્ટ્રાર શ્રી ચોર્યાસીની કચેરીમાં અનુક્રમે અરજી નંબર ૨૬૮ પહોંચ નંબર ૨૦૨૧૩૨૩૦૦૦૭૨૯ થી તા.૨૬/૦૮/૨૦૨૧ના રોજ મેળવેલ છે. સદરહું સર્વેની પહોંચ આ સાથે સામેલ છે.

આ રીતે સદરહું બ્લોક નંબર ૧૮૭, ના મે નીચે વિગતે પેપર્સ તપાસી જોયેલ છે.

Scanned by TapScanner

(૧) ગામ નમુના નંબર ૬(હકકપત્રક) ની તમામ પ્રમાણીત નકલ નોંધ.
(૨)૭/૧૨,૮–અ,ની નકલો પ્રમાણીત છે.
(૩)સીમતળ(ગામ)ના નકશાની પ્રમાણીત નકલ.
(૪)એકત્રીકરણ તખ્તાની પ્રમાણીત નકલ.
(૫)જીલ્લા કલેકટરશ્રી સુરતના (બીન ખેતી હુકમ)ની પ્રમાણીત નકલ.

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ સુરતસીટી(ચોર્યાસી)ના મોજે ગામ **સણીયા હેમાદના બ્લોક નંબર ૧૮૭,** થી નોંધાયેલ બિનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ **હે.આરે. ૦–૭૬–૮૯ ચો.મી.** વાળી બિનખેતીની જમીન લાલજીભાઈ કડવાભાઈ સાવલીયા માલીક, કબજેદાર તથા ભોગવટેદાર હોવાનુ જણાય છે અને તે પરત્વેના તેમના ટાઈટલ ચોખ્ખા, વ્યાજબી, શંકાથી પર તેમજ માર્કેટેબલ અને બોજા મુકત છે, તેવો મારો અભિપ્રાય છે.

સ્થળ :– સુરત.
તારીખ :– ૨૮/૦૮/૨૦૨૧.

**અશ્વિન જે. વઘાસીયા.**

ASHWIN J. VAGHASIA SURAT ADVOCATE

એડવોકેટ

Scanned by TapScanner

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં-187,રે.સર્વે નં-167,ક્ષેત્રફળ-076-89 ચો.મી.

Search in : સણીયા હેમાદ /Saniya Hemad

પહોંચ નંબર ૨૦૨૧૩૨૩૦૦૦૭૨૯ અરજી નંબર ૨૬૮ અરજી વર્ષ ૨૦૨૧

તારીખ ૨૬ માહે ઓગસ્ટ સને ૨૦૨૧

રજુ કરનારનું નામ અશ્વિન જે વઘાસીયા

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | |
| શોધ અગર તપાસણી..........Year: 2012 2021 | ૪૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-9. (CHORASI) સબ રજીસ્ટ્રાર સુરત-૯ (ચોર્યાસી) નો સિક્કો

| કુલ એકંદરે રૂ. | ૪૨૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા ચાર સો વીસ પુરા

દસ્તાવેજ

---------- ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

--------------- આવશે.

નકલ

કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

KALPESHKUMAR VALJIBHAI CHAUDHARI
સબ રજીસ્ટ્રાર
સુરત - ૭ ચોર્યાસી

અંકે રૂ. : 420.00

20210826335466274

સબ રજીસ્ટ્રાર, સુરત - ૭ ચોર્યાસી



Scanned by TapScanner

2012

2021

સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in : અશ્વિન જે વઘાસીયા અરજી નંબર : 268 ગામ નું નામ : Saniya Hemad

મિલ્કતનું વર્ણન : બ્લોક નં-187,રે.સર્વે નં-167,ક્ષેત્રફળ-076-89 ચો.મી.

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) Surat-9(Choriasi) મા -10 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ|.15378000.00 | રે.સ.નં.167<br>બ્લોક નં.187<br>ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. 0-76-89 યાને 7689 ચો.મી. આકાર રૂ.10.06 વાળી જુની શરતની ખેતીની જમીન | | | રામસિંહ કાળુસિંહ | લાલજીભાઇ કડવાભાઇ સાવલીયા | 01-09-2014<br>01-09-2014 | 640 | |

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) Surat-9
(Choriasi)

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-9 (CHORASI) સબ રજીસ્ટ્રાર સુરત-૯ (ચોર્યાસી) નો શિક્કો



Scanned by TapScanner